બીનસરકારી ઉચ્ચતર માદયમિક શાળાઓ ધો.૧૧-૧૨ માં વિદ્યાર્થીની સરાસરી હાજરી જાળવવા બાબત.

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૯૧-૨૦૩૬-ગ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩૧/૧/૯૨

**વંચાણમાં લીધો :-**

(૧) સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦+૨ ખાસ ઘટક અમદાવાદનો તા.૮-૩-૯૧ નો પત્ર ક્રમાંક: ઉમબ-ઉમા-૩-સ.હા.૯૦-૯૧.૩૫૮

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરનો તા.૨૦-૪-૯૦ નો પત્ર ક્રમાંક: ઉમબ-વોસોસી-સ.હા.૯૦-૯૧-બ-૧૦.

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૩-૬-૮૯ નો ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૮૯-૧૦૪૩૪-ગ.૧.

**ઠ રા વ :-**

આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩-૬-૮૯ ના ઠરાવથી વ્યવસાયલક્ષી ઉચ્ચતર માદયમિક શાળાના ધો.૧૧ અને ૧૨ માટે નીચે મુજબ સરાસરી હાજરી નકકી કરવામાં આવેલ છે.

| વ્યવસાયલક્ષી પ્રવાહ | શહેર વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર |
|---|---|---|
| કૃષિ જુથ | ૨૫ | ૨૫ |
| ટેકનીકલ જુથ | ૨૫ | ૨૦ |
| ગૃહ વિજ્ઞાન જુથ | ૩૫ | ૨૦ |
| વાણિજય જુથ | ૫૦ | ૩૫ |

૨/- તેમજ ઉચ્ચતર માદયમિક શાળા ધો.૧૧ અને ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહ ઉત્તર બુનિયાદી પ્રવાહમાટે સરાસરી હાજરી નીચે પ્રમાણે નકકી કરવામાં આવેલ છે.

| | શહેરી વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર |
|---|---|---|
| સામાન્ય પ્રવાહ | ૫૦ | ૩૫ |
| વિજ્ઞાન પ્રવાહ | ૪૫ | ૩૫ |
| ઉત્તર બુનિયાદી પ્રવાહ | ૩૫ | ૨૫ |

..૨..

(૩) વ્યવસાયલક્ષી અભ્યાસક્રમની મૂળ યોજના ભારત સરકારના તા.૧-૨-૮૯ ના હુકમ ઘડવામાં આવેલ છે. ભારત સરકારની આ યોજના મુજબ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમના એક વર્ગના ૨૦ થી ૨૫ ની વિદ્યાર્થીઓની નોંધણીની સંખ્યા જાળવવાનું નિશ્ચિયત કરવામાં આવેલ છે. વ્યવસાયલક્ષી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ પરત્વે પૂરતુ ધ્યાન આપી શકાય તથા પ્રત્યેક વિદ્યાર્થી પ્રાયોગિક કૌશલ્ય યોગ્ય રીતે કેળવી શકે તે માટે તેમને પૂરતા પ્રમાણમાં પ્રાયોગિક કાર્યની તક પૂરી પાડવાની જરૂર છે. આ ઉપરાંત વ્યવસાયલક્ષી અભ્યાસક્રમના મૂળ હેતુ યુવાનોને સ્વરોજગારી પૂરી પાડવાનો છે તથા વ્યવસાયલક્ષી પ્રવાહના વિદ્યાર્થીઓ પરત્વે જો શિક્ષક પૂરતુ ધ્યાન આપી શકે તો જ યોજનાનો મૂળ હેતુ બર આવી શકે અને આ માટે વિદ્યાર્થી સંખ્યા મર્યાદીત હોવી જરૂરી છે.

(૪) વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ માટે ભારત સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે. અને તેથી ભારત સરકારની યોજનાને તેના મૂળ સ્વરૂપમાં અમલમાં મૂકવી તે ખૂબજ આવશ્યક બાબત છે.

(૫) આ બાબતમાં કાળજીભરી પુખ્ત વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે જૂન-૯૦ થી વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં વર્ગદીઠ-૨૫ વિદ્યાર્થીઓની નોંધણી કરવાની રહેશે. તથા સરેરાશ હાજરીનું પ્રમાણ ૨૦ નું ઠરાવવામાં આવે છે.

(૬) વિભાગના તા.૨૩-૬-૮૯ ના આમુખમાં દર્શાવેલ ઠરાવથી રાજયની વિજ્ઞાન પ્રવાહની બીનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધો.૧૧ અને ૧૨ ના વર્ગોમાં શહેર વિસ્તાર માટે ૪૫ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૫ સરાસરી હાજરીનું પ્રમાણ નિયત કરવામાં આવેલ હતું. સંયુકત શિક્ષણ નિયામકશ્રીની આમુખમાં દર્શાવેલ તા.૮-૩-૯૧ ના પત્રની રજૂઆત ધ્યાને લઈને સને ૧૯૮૯-૯૦ ના વર્ષથી ગ્રામ્ય વિસ્તારની વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે સરાસરી હાજરીનું પ્રમાણ ૨૦ (વીસ) આથી ઠરાવવામાં આવે છે જયારે વિજ્ઞાન પ્રવાહ અંગે શહેરી વિસ્તાર માટે તેમજ સામાન્ય પ્રવાહ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ માટે તા.૨૩-૬-૮૯ ના ઠરાવની જોગવાઈ યથાવત રાખવામાં આવે છે.

(૭) ગ્રામ્ય વિસ્તાર એટલે કે શહેરી વિકાસ સત્તા મંડળ (જેમ કે AUDA, VUDA, RUDA, SUDA વગેરે) હેઠળ આવરી લેવાયો ના હોય તેવા વિસ્તારની શાળાઓને વિજ્ઞાન પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તાર અંગેની આ જોગવાઈ લાગુ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મ.દિ.પંડયા )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, શિક્ષણ/માનનીય મંત્રીશ્રી, શિક્ષણ (રાજયકક્ષા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

-સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ૧૦નર ખાસ ઘટક, પાટનગર યોજના ભવન, એલિસબ્રીજ, અમદાવાદ-૬.

-રાજયની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધ્યાન પર લાવવાની વિનંતી સહ.
કનકસિંહ પી. રાણા, પ્રમુખ, ગુ.રા. ઉ.મા. શિ. સંઘ, મહામંડળ,

-તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

-નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-મહાલેખકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.

-મદદનીશ સીલેકટ ફાઈલ.

✓-વિશિષ્ટ ફાઈલ.

પ/૩૧૧/સ્ટે.